# પશ્ચિમ રેલ્વે દ્વારા અમદાવાદથી પસાર થતી ૫ જોડી ટ્રેનોમાં અસ્થાયીરૂપે વધારાના કોચ ઉમેરવામાં આવશે

**અમદાવાદ,**
મુસાફરોની સગવડ માટે અને વધારાની સંખ્યામાં સમાયોજિત કરવા માટે, પશ્ચિમ રેલ્વે દ્વારા અસ્થાયી રૂપે અમદાવાદથી પસાર થતી ૫ જોડી ટ્રેનોમાં વધારાના કોચ ઉમેરવામાં આવશે.

અસ્થાયી રૂપે ઉમેરવાના વધારાના કોચની વિગતો નીચે આપેલ છેઃ - ૧. ટ્રેન નંબર ૦૨૯૭૧/૦૨૯૭૨ બાન્દ્રા ટર્મિનસ - ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસમાં એક વધારાનો સ્લીપર ક્લાસ કોચ ઉમેરવામાં આવશે. આ કોચ બાંદ્રા ટર્મિનસ (મંગળવાર, ગુરુવાર અને શનિવાર)થી ૦૨/૦૨/૨૦૨૧થી ૨૭/૦૨/૨૦૨૧ અને ભાવનગર ટર્મિનસ (સોમવાર, બુધવાર અને શુક્રવાર)થી ૦૧/૦૨/૨૦૨૧થી ૨૬/૦૨/૨૦૨૧ સુધી જોડવામાં આવશે. ૨. ટ્રેન નંબર ૦૯૪૫૫/૦૯૪૫૬ બાન્દ્રા ટર્મિનસ-ભુજ એક્સપ્રેસમાં એક વધારાનો સ્લીપર ક્લાસ કોચ ઉમેરવામાં આવશે. આ કોચ બાંદ્રા ટર્મિનસ (દૈનિક)થી ૦૨/૦૨/૨૦૨૧થી ૦૧/૦૩/૨૦૨૧ અને ભુજ (દૈનિક) થી૦૧/૦૨/૨૦૨૧થી ૨૮/૦૨/૨૦૨૧ સુધી જોડવામાં આવશે. ૩. ટ્રેન નંબર ૦૯૧૧૫/૦૯૧૧૬ દાદર-ભુજ એક્સપ્રેસમાં એક વધારાનો સ્લીપર ક્લાસ કોચ ઉમેરવામાં આવશે. આ કોચ દાદરથી (દૈનિક) ૦૨/૦૨/૨૦૨૧થી ૦૧/૦૩/૨૦૨૧ અને ભુજથી (દૈનિક) ૦૧/૦૨/૨૦૨૧થી ૨૮/૦૨/૨૦૨૧ સુધી જોડવામાં આવશે. ૪. ટ્રેન નંબર ૦૨૯૪૧/૦૨૯૪૨ ભાવનગર ટર્મિનસ - આસનસોલ જંકશન એક્સપ્રેસમાં એક વધારાનો સ્લીપર કોચ ઉમેરવામાં આવશે. આ કોચ ભાવનગર ટર્મિનસ (મંગળવાર)થી ૦૨/૦૨/૨૦૨૧થી ૨૩/૦૨/૨૦૨૧ અને આસનસોલ જંકશન (ગુરુવાર)થી ૦૪/૦૨/૨૦૨૧થી ૨૫/૦૨/૨૦૨૧ સુધી જોડવામાં આવશે. ૫. ટ્રેન નંબર ૦૯૨૬૩/૦૯૨૬૪ પોરબંદર - દિલ્હી સરાઈ રોહિલા એક્સપ્રેસમાં વધારાનો સ્લીપર ક્લાસ કોચ જોડવામાં આવશે. આ કોચ પોરબંદર (મંગળવાર અને શનિવાર) થી ૦૨/૦૨/૨૦૨૧થી ૨૭/૦૨/૨૦૨૧ અને દિલ્હી સરાઈ રોહિલા (સોમવાર અને ગુરુવાર)થી ૦૪/૦૨/૨૦૨૧થી ૦૧/૦૩/૨૦૨૧ સુધી જોડવામાં આવશે.

# ડેનિયલ પર્લના હત્યારાને છોડી મુકવાના પાક. સુપ્રીમના આદેશથી અમેરિકા નારાજ

**વોશિંગ્ટન,**
અમેરિકાએ પત્રકાર ડેનિયલ પર્લના હત્યારાને પાક સુપ્રીમ કૉર્ટ થી મુક્તિના આદેશને લઈને સખ્ત પ્રતિક્રિયા આપી છે. વ્હાઈટ હાઉસની પ્રેસ સેક્રેટરી જેન સાકીએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, અમેરિકા, પાકિસ્તાની સુપ્રીમ કૉર્ટના ચુકાદાથી ઘણું જ ખફા છે. અલ કાયદા સાથે સંબંધ રાખનારો બ્રિટિશ મૂળનો કુખ્યાત આતંકવાદી અહમદ ઉમર સઈદ શેખ વર્ષ ૨૦૦૨માં અમેરિકન પત્રકાર ડેનિયલ પર્લની હત્યા મામલે દોષી ઠેરવાયો હતો, પરંતુ પાકિસ્તાનની સુપ્રીમ કૉર્ટના આ આદેશ બાદ હવે તેને છોડી મુકવામાં આવ્યો છે. જેન સાકીએ કહ્યું કે, ઘાતકી હત્યાના મામલે દોષી ઉમર સઈદ શેખને આ રીતે અપરાધ મુક્ત કરવો અને છોડી મુકવો વિશ્વના તમામ આતંકવાદ પીડિત લોકોને અપમાનિત કરવા જેવું છે. અમારી પાકિસ્તાન સરકાર પાસે માંગ છે કે આ મામલે રિવ્યૂ કરવામાં આવે અને ઉમર સઈદ શેખની વિરુદ્ધ અમેરિકામાં કાયદાકીય કાર્યવાહી કરવા જેવા લીગલ ઑપ્શન પર પણ ધ્યાન આપવામાં આવે. આ પહેલા ગુરૂવારના પાકિસ્તાની સુપ્રીમ કૉર્ટે અમેરિકન પત્રકાર ડેનિયલ પર્લના અપહરણ અને હત્યા મામલે બ્રિટિશ મૂળના અલકાયદા આતંકવાદી અહમદ ઉમર શેખને છોડી મુકવાની વિરુદ્ધ દાખલ કરેલી અપીલોને ફગાવી દીધી. કૉર્ટે આ સણસણતા મામલે શેખને છોડી મુકવાનો આદેશ આપ્યો છે. અમેરિકન પત્રકારના પરિવારે આ ચુકાદાની નિંદા કરતા કહ્યું કે, ન્યાયની સંપૂર્ણ રીતે મજાક બનાવી દેવામાં આવી છે. વર્ષ ૨૦૦૨માં કરાચીમાં 'ધ વૉલ સ્ટ્રીટ જર્નલ'ના દક્ષિણ એશિયા બ્યૂરો પ્રમુખ પર્લ (૩૮)નું એ સમયે અપહરણ કરી લેવામાં આવ્યું હતુ, જ્યારે તે પાકિસ્તાનની ખુફિયા એજન્સી આઈએસઆઈ અને અલકાયદાની વચ્ચે સંબંધો પર એક સમાચાર માટે જાણકારી ભેગી કરી રહ્યો હતો. ત્યારબાદ માથું કાપીને તેની હત્યા કરી દેવામાં આવી.

# ભારતે ગ્લોબલ વેક્સિનેશન અભિયાનમાં મહત્વની ભૂમિકા ભજવવી જોઈએ

**નવીદિલ્હી,**
કોરોના મહામારી વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુતારેસે ભારતના ખુબ વખાણ કર્યા. તેમણે કહ્યું કે ભારતે ગ્લોબલ વેક્સિનેશન અભિયાનમાં મહત્વની ભૂમિકા ભજવવી જોઈએ. યુએન ચીફે ભારતની વેક્સિન નિર્માણ ક્ષમતાના વખાણ કરતા કહ્યું કે આજે તે દુનિયા માટે 'સૌથી મોટી અસ્કયામત છે. પત્રકારો સાથે વાતચીત કરતા યુએન ચીફે કહ્યું કે મને ખબર છે કે ભારતમાં મોટા પાયે સ્વદેશમાં વિક્સિત રસીઓનું પ્રોડક્શન થાય છે. અમે આ માટે ભારતીય સંસ્થાનોના સંપર્કમાં છીએ. અમને પૂરેપૂરી આશા છે કે ગ્લોબલ વેક્સિનેશન કેમ્પેઈનને સફળ બનાવવા માટે ભારત દરેક પ્રકારની જરૂરી મોટી ભૂમિકા ભજવશે. ગુતારેસે કહ્યું કે મને લાગે છે કે ભારતની પ્રોડક્શન કેપેસિટી આજે દુનિયા માટે સૌથી મોટી અસ્ક્યામત છે. હું આશા રાખું છું કે દુનિયા એ વાતને સમજે કે આ અસ્કયામતનો પૂરેપૂરો ઉપયોગ થવો જોઈએ.

## ડીમાન્ડ નોટીસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકસ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ (આ કાયદો) સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ (આ નિયમો) ૩(૧) સાથે વાંચવામાં આવ્યો છે. ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલ સત્તાઓના ઉપયોગમાં આ નિયમોના નિયમ ૩ ની સાથે વાંચતા, આઈઆઈએફએલ ગૃહ ફાઈનાન્સ લિમિટેડ (IIFL HFL) (અગાઉ ઈન્ડિયા ઈન્ડિયા ઈન્ફોલાઈન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)ના અધિકૃત અધિકારીએ જારી કર્યા છે. ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩ (૨) હેઠળ માંગણી નોટિસ, ઉધાર લેનારા (ઓ) ને, તેઓને સંબંધિત ડિમાન્ડ નોટિસ (ઓ)માં જણાવેલ રકમ પરત કરવા માટે હાકલ કરે છે. ઉપરના સંબંધમાં, ફરીથી આ સૂચના પ્રકાશિત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર લેણદાર(ઓ)ને ચૂકવણી કરવા માટે સૂચના આપવામાં આવે છે, ના વધુ વ્યાજ સાથે, નીચે જણાવેલ રકમ, ઓ માંગણી સૂચના ચુકવણીની તારીખ સુધી લેણદાર (ઓ) ની વિગત, તારીખ મુજબની રકમ માંગની સૂચના અને લોનની રકમની ચુકવણી માટે આપવામાં આવતી સુરક્ષા નીચે મુજબ છેઃ -

| દેવાદારો/ જામીનદારોના નામો | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | સિક્યોર્ડ એસેટ (સ્થાઇ મિલ્કત)નું વર્ણન |
|---|---|---|
| શ્રી. ગણેશ હરીભાઈ વંડરવાલા, શ્રી ગણેશ સી ફુડ, શ્રીમતી. સુશીલાબેન ગણેશભાઈ વંડરવાલા **(પ્રોસપેક્ટ નં.IL૧૦૦૬૬૮૮૬)** | **૧૮-જાન્યુ-૨૧ રૂા. ૧૨,૫૨,૧૬૩/-** (રૂપિયા બાર લાખ બાવ્વન હજાર એકસો ત્રેસઠ પુરા) | ક્રમ નં.૩૭, પ્લોટ નં.૪ આશરે ૪૧.૭૬ સ્કે.મી. ભાલપરા, કામનાથ સોસાયટીની પાસે, વેરાવળ, ગુજરાત-૩૬૨૨૬૮ની મિલકત અને તેના બધા જ ભાગો સહિત |
| શ્રી. તનિકકુમાર પંચાલ, શ્રી. તનિકકુમાર પંચાલ, શ્રીમતી. કોમલબહેન તનિકકુમાર પંચાલ **(પ્રોસપેક્ટ નં.૮૭૫૧૫૫)** | **૨૧-જાન્યુ-૨૧ રૂા.૧૩,૦૧,૮૨૨.૦૦/-** (રૂપિયા તેર લાખ એક હજાર આઠસો બાવીસ પુરા) | ડી/૨, પહેલો માળ, જેનું માપ ૬૭.૭૨ સ્કે.મી. ડી-બ્લોક, શિવ ગણેશ રેસીડેન્સી, કઠવાડા રોડ, નીકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦, ગુજરાત, ભારતની મિલકત અને તેના બધા જ ભાગો સહિત |
| શ્રી. કલ્પેશ બાબુભાઈ પઘડાલ, શ્રી. હાર્દિકકુમાર બાબુભાઈ પઘડાલ, શ્રીમતી. નયનાબેન કલ્પેશભાઈ પઘડાલ **(પ્રોસપેક્ટ નં.૮૩૫૭૪૫)** | **૨૭-જાન્યુ-૨૧ રૂા.૧૫,૫૭,૦૩૨.૦૦/-** (રૂપિયા પંદર લાખ સત્તાવન હજાર બત્રીસ પુરા) | પ્લોટ ૧૫૫, આશરે ૧૧૭૩૬ સ્કે.મી. રાજ નંદીની રેસીડેન્સી વિભાગ-૩, ઓલપાડ, ઉમરા, સુરત,૩૯૪૫૪૦, ગુજરાત, ભારતની મિલકત અને તેના બધા જ ભાગો સહિત |
| શ્રી. મુકેશ બળવંતરાય પંડ્યા, શ્રીમતી પુષ્પલતા એમ. પંડ્યા **(પ્રોસપેક્ટ નં.૮૬૯૪૭૨)** | **૨૫-જાન્યુ-૨૧ રૂા.૧૩,૭૫,૬૮૭.૦૦/-** (રૂપિયા તેર લાખ પંચોતેર હજાર છસો સીત્યાસી પુરા) | બ્લોક નં.૪, આશરે ૬૦૦ સ્કેફૂટ રામધામ સોસાયટી, વૃદ્ધાશ્રમની પાછળ, રતનપુર, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧ની મિલકત અને તેના બધા જ ભાગો સહિત |

જો આ દેવાદાર ઉપરોક્ત IIFL, HFLને ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો IIFL, HFL આ એક્ટની કલમ ૧૩(૪) હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ્સ સામે કાર્યવાહી હાથ ધરશે અને લાગુ થતા નિયમો/સમગ્રપણે તે દેવાદારના જોખમે અને ભોગે રહેશે. વધુ માહિતી માટે અધિકૃત અધિકારીશ્રીની ઓફીસ **બ્રાંચ ઓફિસ :** IIFL, HFL આનંદધામ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, શોપ નં.૫,૬,૭, બસ સ્ટેન્ડ રોડ, વેરાવળ-૩૬૨૨૬૫/ અને અમદાવાદ કોમર્સ હાઉસ, ચોથો માળ, કોમર્સ હાઉસ-૪, શેલ પેટ્રોલ પંપની પાસે, આનંદનગર રોડ, પ્રહલાદનગર, અમદાવાદ-૩૮૦૦૫૧ અને ઓફીસ નં.૭૦૧, સાતમો માળ, ૨૧મી સેન્ચ્યુરી બીઝનેસ સેન્ટર, ઉધના દરવાજાની પાસે, રીંગ રોડ, સુરત -૩૯૫૦૦૨ અને ૪૦૭, ચોથો માળ, ધ ઈમ્પેરીયા, શાસ્ત્રી મેદાનની સામે, ફેડરલ બેન્કની ઉપર, એક્સીસ બેન્કની પાસે, રાજકોટ-૩૬૦૦૦૧/ અથવ **કોર્પોરેટ ઓફિસ :** આઈઆઈએફએલ ટાવર, પ્લોટ નં.૯૮, ઉદ્યોગ વિહાર, ફેસ-૪, ગુરગાંવ, હરીયાણા સંપર્ક કરવો.

**સ્થળઃ વેરાવળ, અમદાવાદ, સુરત અને રાજકોટ તારીખઃ ૩૦-૦૧-૨૦૨૧**

**સહી/- અધિકૃત અધિકારી, આઇઆઇએફએલ હોમ ફાઇનાન્સ લીમીટેડ**

# રાજસ્થાનના શ્રીગંગાનગરમાં પેટ્રોલ ૧૦૧ રૂપિયે વેચાઈ રહ્યું છે

**જયપુર,**
ભારતીય ઓઈલ કંપનીઓએ આજે શુક્રવારે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર નથી કર્યો. દિલ્હીમાં શુક્રવારે પેટ્રોલનો ભાવ ૮૬.૩૦ રૂપિયા પ્રતિ લીટર રહી. પેટ્રોલિયમ કંપનીઓ તરફથી બુધવારે ભાવ વધાર્યા બાદ અનેક શહેરોમાં કિંમત રેકોર્ડ સ્તર પર પહોંચી ગઈ છે. કંપનીઓ તરફથી ભાવ વધારવાના કારણે રાજસ્થાનના શ્રીગંગાનગરમાં પેટ્રોલનો ભાવ ૧૦૧ રૂપિયા પ્રતિ લીટર સુધી પહોંચી ગયો. બીજી તરફ મુંબઈમાં પેટ્રોલનો ભાવ ૯૩ રૂપિયા પ્રતિ લીટરની નજીક પહોંચી ગયો છે.

આમ જોવા જઈએ તો આ વર્ષે ૨૯ દિવસમાં માત્ર ૧૦ દિવસ જ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવામાં આવ્યા છે. પરંતુ આ દરમિયાન પેટ્રોલનો ભાવ ૨.૫૯ રૂપિયા પ્રતિ લીટર સુધી વધી ચૂક્યો છે. આ વર્ષે ડીઝલના ભાવમાં પણ ૨.૩૫ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થયો છે.

દિલ્હી- પેટ્રોલ ૮૬.૩૫ રૂપિયા અને ડીઝલ ૭૬.૪૮ રૂપિયા પ્રતિ લીટર છે. મુંબઈ- પેટ્રોલ ૯૨.૮૬ રૂપિયા અને ડીઝલ ૮૩.૩૦ રૂપિયા પ્રતિ લીટર છે. કોલકાતા- પેટ્રોલ ૮૭.૬૯ રૂપિયા અને ડીઝલ ૮૦.૦૮ રૂપિયા પ્રતિ લીટર છે. ચેન્નઈ- પેટ્રોલ ૮૮.૮૨ રૂપિયા અને ડીઝલ ૮૧.૭૧ રૂપિયા પ્રતિ લીટર છે.

પેટ્રોલ-ડીઝલના ભાવ રોજેરોજ બદલાતા રહે છે અને સવારે ૬ વાગ્યે અપડેટ થઈ જાય છે. પેટ્રોલ-ડીઝલના રોજના ભાવ જીસ્જી કરીને પણ જાણી શકાય છે ઈન્ડિયન ઓઈલના ગ્રાહક આરએસપી સાથે શહેરનો કોડ લખીને ૯૨૨૪૯૯૨૨૪૯ નંબર પર અને બીપીસીએલ ગ્રાહક આરએસપી લખીને ૯૨૨૩૧૧૨૨૨૨ નંબર પર મોકલીને જાણકારી મેળવી શકે છે. એચપીસીએલ ગ્રાહક એચપીપ્રાઈસ લખીને ૯૨૨૨૨૦૧૧૨૨ નંબર પર મોકલીને ભાવ જાણી શકે છે.

વિદેશી કરન્સી દરોની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ શું છે, તેના આધારે રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થાય છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એકસાઈઝ ડ્યૂટી, ડીલર કમીશન અને અન્ય ચીજો જોડ્યા બાદ આ ભાવ લગભગ બે ગણા થઈ જાય છે. નોંધનીય છે કે રોજ સવારે ૬ વાગ્યે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થાય છે. સવારે ૬ વાગ્યાથી જ નવા દર લાગુ થઈ જાય છે.

## પશ્ચિમ રેલવે – અમદાવાદ

ટેન્ડર નંબર : ઈ૧/ડબલ્યુ ૧૨૧/ એડીઆઈ એમએસએચ/જીસી — તારીખ : ૧/ ૦૨/ ૨૦૨૧

પ્રોફોર્મા - ૧૦.૦૧

ભારતીય રેલવે

### સાર્વજનિક જાહેરનામું

રેલવે લાઈનો અને પરિસરોના તમામ ઉપયોગ કરનારાઓને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે પશ્ચિમ રેલવેના અમદાવાદ વિભાગ ઉપર ૨૫,૦૦૦ વોલ્ટ, ૫૦ હર્ટ્ઝ એસી શિરોપરી કર્ષણ તારોને વિભાગની સામે તારીખ ૧ .૦૨ .૨૦૨૧ અથવા ત્યારબાદ ઊર્જિત કરવામાં આવશે.

એ તારીખ ઉપર અને એ તારીખથી શિરોપરી કર્ષણ લાઈનને દરેક સમયે વીજળીકરણ થયેલી માનવામાં આવશે અને કોઈ અનઅધિકૃત વ્યક્તિ આ શિરોપરી લાઈનની નજીકમાં દાખલ થવા અથવા કામ કરવા જશે નહીં.

| વિભાગ | તારીખ |
|---|---|
| વિભાગ : પશ્ચિમ રેલવેનાં અમદાવાદ ડીવીઝન ઉપર ડાંગરવા કિમી ૭૪૧.૮૫ થી કલોલ કિમી ૭૬૦.૦૩૫ ડીવીઝન સુધી પરિવર્તિત બી. જી. લાઈન | ૦૧.૦૨.૨૦૨૧ |

ઉપ મુખ્ય વિદ્યુત એન્જીનીયર/ નિર્માણ , પશ્ચિમ રેલવે, અમદાવાદ

ટેન્ડર નંબર : ઈ૧/ડબલ્યુ ૧૨૧/ એડીઆઈ એમએસએચ/જીસી — તારીખ : ૧/ ૦૨/ ૨૦૨૧

પ્રોફોર્મા-૧૦.૦૨

ભારતીય રેલવે

### એ.સી. 25 કે.વી ને ચાલુ કરવી
### રસ્તાઓનો ઉપયોગ કરનારાઓને ચેતવણી

જનતાની સૂચના માટે જાહેર કરવામાં આવે છે કે **પશ્ચિમ રેલવેના અમદાવાદ ડીવીઝન ઉપર ડાંગરવા કિમી ૭૪૧.૮૫ થી કલોલ કિમી ૭૬૦.૦૩૫ ડીવીઝન સુધી ૨૫ કે.વી.** ઉપર શિરોપરી કર્ષણ તારોને ડીવીઝનની સામે તારીખ ૧.૦૨.૨૦૨૧ અથવા ત્યારબાદ ઊર્જિત કરવામાં આવશે. તમામ ગ્રેડ ક્રોસિંગ ઉપર સડકની સપાટીથી ૪.૭૮ મીટરની ઊંચાઈ ઉપર ગેજ લગાવવામાં આવેલ છે, જેથી ખૂબ વધારે ઊંચાઈવાળા લોડને વિદ્યુતમય તારોની ખતરનાક નિકટતા અથવા સંપર્કમાં આવવાથી રોકી શકાય. (સંપર્ક તાર), જે રેલવે ક્રોસિંગના સ્તર ઉપર ઓછામાં ઓછી ૫.૫ મીટરની ઊંચાઈ હશે.

તમામને આથી જાણ કરવામાં આવે છે કે વાહનોને ભરવાના હેતુ માટે ઉપર જણાવેલ ઊંચાઈનું પાલન કરે અને એ જુએ કે રસ્તા ઉપર લઇ જવામાં આવતા ભારથી કોઈપણ સ્થિતિમાં ગેજની ઊંચાઈનું ઉલ્લંઘન ના થાય.

વધારે ઊંચાઈના લોડના જોખમો નીચે મુજબ છે :

૧. ઊંચાઈ ગેજ માટે જોખમ અને તેના પરિણામ રૂપે સડક અને રેલવે લાઈનો ઉપર અવરોધ.
૨. વાહન ઉપર લઇ જવામાં આવી રહી સામગ્રી અથવા સામાનને જોખમ
૩. ચાલકોની ખતરનાક નિકટતા અથવા સંપર્કનાં કારણે આગ તથા જીવનની હાનિનું જોખમ

ઉપ મુખ્ય વિદ્યુત એન્જીનીયર/ નિર્માણ , પશ્ચિમ રેલવે, અમદાવાદ

CPM-47

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

## બ્લુ ચિપ ટેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

CIN : L17100DN1985PLC005561

**રજી ઓફિસ :** પ્લોટ નં.૬૩-બી, દાનુયુગ સંસ્કારી સંઘ લી. ગામ પીપરીયા, સીલવાસા, દાદરા અને નગર હવેલી-૩૯૬૨૩૦

**૩૧મી ડીસેમ્બર, ૨૦૨૦ના રોજ પૂરા થતા ત્રીમાસિક અને નવ માસના અંત ગાળા માટેના અન-ઓડિટેડ નાંણાકીય પરિણામો**

(રૂપિયા લાખમાં ઈપીએસ સિવાય)

| વિગતો | ત્રિમાસિક ગાળાના અંતે | | | નવ માસ ગાળાના અંતે | | વર્ષના અંતે |
|---|---|---|---|---|---|---|
| | ૩૧.૧૨.૨૦૨૦ સમીક્ષા કરી | ૩૦.૦૯.૨૦૨૦ સમીક્ષા કરી | ૩૧.૧૨.૨૦૧૯ સમીક્ષા કરી | ૩૧.૧૨.૨૦૨૦ સમીક્ષા કરી | ૩૧.૧૨.૨૦૧૯ સમીક્ષા કરી | ૩૧.૦૩.૨૦૨૦ ઓડિટેડ |
| ઓપરેશન્સમાંથી કુલ આવક | ૫,૧૩૯.૧૩ | ૩,૮૮૨.૦૦ | ૫,૩૫૮.૯૦ | ૯,૬૫૨.૩૬ | ૧૭,૩૪૯.૪૭ | ૨૨,૧૪૬.૫૩ |
| કર પહેલાં ચોખ્ખો નફો / (નુકસાન) | ૧૩૬.૬૪ | ૧૮૨.૮૪ | ૧૮૦.૩૩ | ૧૭૭.૩૯ | ૬૯૬.૪૨ | ૭૬૧.૪૬ |
| કર પછી ચોખ્ખો નફો / (નુકસાન) | ૧૦૧.૦૬ | ૧૩૫.૯૧ | ૧૫૭.૮૨ | ૧૨૮.૦૦ | ૫૩૫.૨૬ | ૫૮૧.૫૪ |
| સમયગાળા માટે કુલ વ્યાપક આવક (કર પછી) | ૯૬.૭૯ | ૧૩૭.૪૯ | ૧૫૬.૪૭ | ૧૨૪.૫૬ | ૫૩૨.૮૧ | ૫૭૯.૬૪ |
| ચૂકવેલ ઈક્વિટી શેર મૂડી (રૂ. ૧૦ / - દરેકની કિંમત) | ૧૯૭.૦૫ | ૧૯૭.૦૫ | ૧૯૭.૦૫ | ૧૯૭.૦૫ | ૧૯૭.૦૫ | ૧૯૭.૦૫ |
| અન્ય ઈક્વિટી | - | - | - | - | - | ૨,૧૩૬.૮૭ |
| શેર દીઠ આવક રૂા.૧૦/- દરેક) | | | | | | |
| એ) મૂળભૂત | ૫.૧૩ | ૬.૯૦ | ૮.૦૧ | ૬.૫૦ | ૨૭.૧૬ | ૨૯.૫૧ |
| બી) ડાયલ્યુટેડ | ૫.૧૩ | ૬.૯૦ | ૮.૦૧ | ૬.૫૦ | ૨૭.૧૬ | ૨૯.૫૧ |

૧. ૩૧મી ડીસેમ્બર ૨૦૨૦ના રોજ પૂરા થતાં ત્રિમાસિક અને નવ માસના સમયગાળા માટે કંપનીના સમીક્ષા કરેલ નાણાકીય પરિણામોની સમીક્ષા ઓડિટ કમિટી દ્વારા કરવામાં આવી છે અને ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ યોજાયેલી તેની બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે અને કંપનીના વૈધાનિક ઓડિટર્સ પાસે પરિણામોની મર્યાદિત સમીક્ષા હાથ ધરી હતી.

૨. ઉપરોક્ત સેબી (લિસ્ટિંગ ઓબલિકેશન્સ એન્ડ ડિસ્કલાઝર રિકવાયરમેન્ટ) નિયમન, ૨૦૧૫ ની નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં સાથે ૩૧મી ડીસેમ્બર ૨૦૨૦ના રોજ પુરા થયેલ ત્રિમાસિક નાણાકીય પરિણામોનું વિસ્તૃત સ્વરૂપ છે. સંપૂર્ણ ત્રિમાસિક નાણાકીય પરિણામોનું ફોર્મેટ સ્ટોક એક્સચેઈન્જ વેબસાઈટસ www.bseindia.com અને કંપનીની વેબસાઈટ www.bluechiptexindustrieslimited.com પર ઉપલબ્ધ છે.

બ્લુ ચિપ ટેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
સહી/-
સચીન એન. ખેમાણી
મેનેજીંગ ડાયરેક્ટર
(ડીન : ૦૩૨૯૬૮૧૩)

સ્થળ : મુંબઇ
તા. ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૧

## યુનિફોસ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ

સીઆઈએનઃ L24219GJ1969PLC001588

**નોંધણીકૃત કાર્યાલયઃ**૧૧, જી.આઈ.ડી.સી., વાપી, જિલ્લો વલસાડ, ગુજરાત – ૩૯૬ ૧૯૫.

ઈ-મેઈલઃuel.investors@upl-ltd.com |વેબસાઈટઃ www.uelonline.com| ફોન નંઃ+૯૧ ૨૬૦ ૨૪૩૨૭૧૬

### નોટિસ

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશનસ,૨૦૧૫ના નિયમન ૨૯ સાથે વાંચતાં નિયમન ૪૭(૧)(એ) અન્વયે નોટિસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મિટિંગ મંગળવાર, ૯ મી ફેબ્રુઆરી,૨૦૨૧ના રોજ સુનિશ્ચિત થયેલ છે, જેમાં અન્ય બાબતો ઉપરાંત,૩૧મી ડિસેમ્બર,૨૦૨૦ના પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિનાના અનઓડિટેડનાણાંકીય પરિણામો મંજુર કરવામાં આવશે, અને મેસર્સ બી એસ આર એન્ડ કં. એલ એલ પી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર દ્વારા જારી અનઓડિટેડ નાણાંકીય પરિણામ માટેનો લિમિટેડ રીવ્યુ રીપોર્ટ રેકોર્ડપર લેવાશે.

આ માહિતી કંપનીની વેબસાઈટ https://www.uelonline.com પર પણ આપવામાં આવી છેઅને બીએસઈ લિમિટેડની વેબસાઈટwww.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચન્જઓફ ઈન્ડીયા લિમિટેડ ની વેબસાઈટ www.nseindia.com પર પણ જોઈ શકાશે.

બોર્ડના આદેશથી
**યુનિફોસ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ**વતી
Sd/-
**કે. એમ. ઠક્કર**
કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળઃ મુંબઈ
તારીખઃ ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૧

# ગાઝીયાબાદ કોર્ટના જજે ફાંસી લગાવી આત્મહત્યા કરી

**ગાઝિયાબાદ,**
દિલ્હીથી જોડાયેલ ઉત્તરપ્રદેશના ગાઝીયાબાદમાં આજે એક મેજિસ્ટ્રેટ દ્વારા આત્મહત્યા કરવાનો મામલો સામે આવ્યો છે. આત્મહત્યાની માહિતી મળતા જ મેજિસ્ટ્રેટને યશોદા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં જયાંથી તેમના શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યું છે. ઘટનાની માહિતી મળવવા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર ગાજિયાબાદના અપર જીલ્લા અને સત્ર ન્યાયાધીશ કોર્ટ સંખ્યા ૯માં તહેનાત મેજિસ્ટ્રેટ યોગેશકુમારે જજ કોલોનીના પોતાના સરકારી નિવાસ પર આજે સવારે ફાંસી લગાવી આત્મહત્યા કરી લીધી ૪૬ વર્ષીય યોગેશ કુમાર શર્મા ફલેટ સંખ્યા ૩૦૩ ટાવર ૨ જજેસ રેજિડેંસ મોડલ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારના સિહાનીગેટમાં રહેતા હતાં

તે મૂળ રીતે મેરઠના રહેવાસી હતી અને પાંચ મહીના પહેલા ગાઝિયાબાદ એડીજેના પદ પર પહેલી પોસ્ટીંગ થઈ હતી તેમના પરિવારમાં પત્ની સુચિતા શર્મા અને પુત્ર મનુ શર્મા ૧૫ વર્ષ અને પુત્રી નંદિની ૧૨ વર્ષ છે આત્મહત્યાના કારણોની હાલ માહિતી મળી શકી નથી પોલીસ કારણોની તપાસ કરી રહી છે.

## ashima LIMITED

**Registered Office:** Texcellence Complex, Khokhara-Mehmedabad, Ahmedabad – 380 021.
**CIN:** L99999GJ1982PLC005253 **Website:** www.ashima.in
**Tel:** +91-79-67777000; **Fax:** +91-79-22773061

### NOTICE

Notice is hereby given in compliance of Regulation 29 read with Regulation 47 of the Securities Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, a meeting of Board of Directors of the Company is scheduled to be held on Saturday, 6th February, 2021, to inter-alia, consider, approve and take on record the unaudited standalone and consolidated financial results for the quarter and nine months ended on 31st December, 2020. A copy of said notice and unaudited financial results of the Company shall also be available on the Stock Exchange's website at www.bseindia.com and www.nseindia.com and also on the Company's website at www.ashima.in.

Place: Ahmedabad
Date: 29.01.2021

For Ashima Limited
Dipak Thaker
Company Secretary

## સાનબ્લ્યૂ કોર્પોરેશન લિમિટેડ

**રજી. ઓફિસ : 22- A, ગવર્મેન્ટ સર્વન્ટ સોસાયટી, મ્યુનિસિપલ માર્કેટ પાસે, સી.જી. રોડ, અમદાવાદ-380009**
**Email : inquiry@sanbluecorporation.com • Website : www.sanbluecorporation.com**

CIN: L15400GJ1993PLC020073 **નોટીસ**

**30 ડિસેમ્બર, 2020ના રોજ પુરા થતા ત્રીજા ત્રિમાસિક અને નવ માસિક ગાળાના બોર્ડ મીટીંગની જાણ બાબત**

આથી નોટિસ આપી જાણ કરવામાં આવે છે કે શુક્રવાર, 12 ફેબ્રુઆરી, 2021ના રોજ બપોરે 4:00 કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ ખાતે નીચે દર્શાવેલી બાબતો અંગે વિચારણા તથા તેને મંજૂર કરવા કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ની મીટિંગ હાથ ધરાશે.

**૧) 31 ડિસેમ્બર, 2020ના રોજ પૂર્ણ થયેલાં કંપનીના ત્રીજા ક્વાર્ટર ગાળાના અનઓડિટેડ નાણાંકીય પરિણામોની મંજૂરી માટે.**

**૨) સભાપતિની પરવાનગીથી અન્ય કોઈ કામ**

સેબી (પ્રોહિબિશન ઓફ ઈનસાઈડર ટ્રેડિંગ) રેગ્યુલેશન્સ **2015** ના અનુસંધાનમાં કંપનીના નિયુક્ત વ્યક્તિઓ દ્વારા નિયમનની આચારસંહિતા અનુસાર, મોનિટર ટ્રેડિંગ, કંપનીની ટ્રેડિંગ વિંડો **1** જાન્યુઆરી **2021** થી બંધ છે અને ઓડીટેડ ફાઈનાન્સીયલ પરિણામો જાહેર થયા પછીના **48** કલાક પછી ફરીથી ખુલશે.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી,**
**સાનબ્લ્યુ કોર્પોરેશન લિમિટેડ**
Sd./-
**જોશ ડેનીયલ**
**મેનેજીંગ ડાયરેક્ટર - DIN: 03532474**

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : 29/01/2021**

## પશ્ચિમ રેલવે – અમદાવાદ

**રીમોડલિંગ કાર્ય માટે ટેન્ડર નોટીસ**

**ઈ–ટેન્ડર નોટીસ નં.: Dy. CE (C) IV/ADI/ADI Yard/01.** ભારતના રાષ્ટ્રપતિ તરફથી પશ્ચિમ રેલવે અમદાવાદનાં ડેપ્યુટી એન્જીનીયર (નિર્માણ) IV, નીચે લખેલા કાર્યો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **(૧) કામનું નામઃ** એડીઆઈ યાર્ડ રીમોડલિંગ કાર્ય : લાઈન નંબર ૫ અને ૮ને એક મુખ્ય લાઈનના રૂપમાં બનાવવા માટે અલગ અલગ કાર્યોનું નિષ્પાદન, જેમાં અમદાવાદ યાર્ડમાં એડીઆઈ યાર્ડ રીમોડલિંગનાં સંબંધમાં ટેન્ડર દસ્તાવેજોમાં ઉલ્લેખ મુજબ એન્જીનીયરીંગ, સિગ્નલીંગ અને દૂરસંચાર, ઈલેક્ટ્રીકલ અને ટીઆરડી કાર્ય શામેલ છે. **(૨) કાર્યનું અંદાજીત ખર્ચઃ** ₹ ૭૮,૨૯,૦૦,૬૬૯/- **(૩) બાનાની રકમઃ** NIL બીલ સલામતી જાહેરાત પ્રસ્તુત કરવામાં આવનાર છે. **(૪) બીડ ટાઈપ :** બે ચરણની રીવર્સ હરાજી. **(૫) બીડ સિસ્ટમ :** બે પેકેટ સિસ્ટમ **(૬) સમાપ્તિનો સમયગાળોઃ** ૧૫ (પંદર) મહિના **(૭) બોલી રજૂ કરવાની અને ખુલવાની તારીખ અને સમય :** પ્રસ્તુત કરવાનો સમય ૨૬.૦૨.૨૦૨૧ ના રોજ ૧૫.૦૦ વાગ્યા સુધી અને ખુલવાનો સમય ૨૬.૦૨.૨૦૨૧ ના રોજ ૧૫.૩૦ વાગ્યે. **(૮) તમામ ટેન્ડરકારો દ્વારા અનુસૂચી– Vમાં આપવામાં આવ્યા મુજબનું પ્રમાણપત્ર પ્રસ્તુત કરવામાં આવનાર છે, જેના આધાર ઉપર ટેન્ડરકારોની યોગ્યતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. (૯) વેબસાઈટની વિગતો નોટીસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની પૂરી વિગતો જોઈ શકાય છે અને કચેરીનું સરનામું : વેબસાઈટ :** www.ireps.gov.in કચેરીના ઉપ/મુખ્ય એન્જીનીયર (નિર્માણ) IV, પશ્ચિમ રેલવે, બીજો માળ. બીજી સ્ટેશન બિલ્ડીંગ, રેલવેપુરા, અમદાવાદ-૩૮૦૦૦૨, મોબાઈલઃ ૯૭૨૪૦૯૩૨૫૧

ઉપ/મુખ્ય એન્જીનીયર (નિર્માણ) IV
CPM-48 પશ્ચિમ રેલવે, અમદાવાદ

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## ALFA ICA (INDIA) LIMITED

**CIN: L20100GJ1991PLC016763**
**Regd. Office:** UMA INDUSTRIAL ESTATE, VILLAGE: IAWA, SANAND AHMEDABAD, GUJARAT Tel: 079-26754030-31
Fax: +91-79 26754040. E-mail: info@alfaica.com
Website: www.alfaica.com

### NOTICE

Notice is hereby giventhat, in terms of Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015, a meeting of the Board of Directors of the company is scheduled to be held on Tuesday, February 09, 2021 at03.00 P.M. at the corporate office of the company to inter alia consider and review of Unaudited Financial Results for the Quarterand Nine monthsEnded on December 31, 2020.

This intimation is also available on the website of the Company www.alfaica.com, as well as on the website of the Bombay Stock Exchange Limited www.bseindia.com.

For ALFA ICA (INDIA) LIMITED
Sd/- **(Rishi Tikmani)**
Whole-time Director
**(DIN: 00638644)**

**Place** : Ahmedabad
**Date** : 29.01.2021

## UPL Limited

CIN: L24219GJ1985PLC025132

રજિ.ઓફિસઃ ૩-૧૧, જી.આઈ.ડી.સી., વાપી, જિ-વલસાડ, ગુજરાત-૩૯૬ ૧૯૫.

ટેલીફોન નં.+૯૧ ૨૬૦ ૨૪૩૨૭૧૬, ઈમેલઃ upl.investors@upl-ltd.com વેબસાઈટઃ www.upl-ltd.com

**૩૧મી ડીસેમ્બર ૨૦૨૦ના રોજ પુરા થતા ત્રીમાસીક અને નવ માસ અંતેના કોન્સોલીડેટેડ અનઓડિટેડ નાણાંકિય પરિણામોનો અહેવાલ**

(રૂ.કરોડમાં)

| ક્રમ નં. | વિગતો | ત્રિમાસીક અંતે | | | નવ માસના અંતે | | વર્ષના અંતે |
|---|---|---|---|---|---|---|---|
| | | ડીસે-૨૦ (અનઓડિટેડ) | સપ્ટે-૨૦ (અનઓડિટેડ) | ડીસે-૧૯ (અનઓડિટેડ) | ડીસે-૨૦ (અનઓડિટેડ) | ડીસે-૧૯ (અનઓડિટેડ) | માર્ચ-૨૦ (ઓડિટેડ) |
| ૧ | કામગીરીમાંથી આવક | ૯,૧૨૬ | ૮,૯૩૯ | ૮,૮૯૨ | ૨૫,૮૯૮ | ૨૪,૬૧૫ | ૩૫,૭૫૬ |
| ૨ | કર પહેલાંના સમયગાળા માટેનો નફો / (નુકસાન) (અપવાદરૂપ વસ્તુઓ પહેલાં) | ૯૭૫ | ૮૬૦ | ૧,૧૦૪ | ૨,૬૫૬ | ૨,૨૨૧ | ૩,૩૮૭ |
| ૩ | કર પહેલાંના સમયગાળા માટેનો નફો /(નુકસાન) (અપવાદરૂપ વસ્તુઓ પછી) | ૧,૦૫૩ | ૬૪૯ | ૧,૦૨૯ | ૨,૪૯૮ | ૧,૭૬૯ | ૨,૭૬૪ |
| ૪ | કર પછીના સમયગાળા માટેનો નફો / (નુકસાન) કંપનીના શેરહોલ્ડરોને આભારી (અપવાદરૂપ વસ્તુઓ પછી) | ૭૯૪ | ૪૬૩ | ૭૦૧ | ૧,૮૦૮ | ૧,૧૫૯ | ૧,૭૭૬ |
| ૫ | સમયગાળાની કુલ વ્યાપક આવક (કર પછી) | ૭૩૨ | (૨૫૨) | ૧,૬૬૭ | ૧,૦૦૩ | ૨,૦૧૩ | ૧,૯૧૯ |
| ૬ | કંપનીના શેરહોલ્ડરોને અનુરૂપ કુલ વ્યાપક આવક | ૬૫૦ | (૧૪૩) | ૧,૩૫૨ | ૯૧૮ | ૧,૬૪૦ | ૧,૬૧૬ |
| ૭ | ચૂકવેલ ઈક્વિટી શેર મૂડી (શેરની કિંમત - રૂ. ૨ / - દરેક) | ૧૫૩ | ૧૫૩ | ૧૫૩ | ૧૫૩ | ૧૫૩ | ૧૫૩ |
| ૮ | મૂલ્યાંકન અનામત સિવાયની અન્ય ઈક્વિટી (અગાઉના હિસાબી વર્ષના બેલેન્સશીટ મુજબ) | | | | | | ૧૯,૧૨૯ |
| ૯ | શેર દીઠ કમાણી (ઈપીએસ) (રૂ. ૨ / - દરેક): | | | | | | |
| | મૂળભૂત આવક પ્રતિ શેર | ૧૦.૩૮ | ૬.૦૭ | ૯.૧૬ | ૨૩.૬૫ | ૧૫.૧૬ | ૨૩.૨૪ |
| | શેર દીઠ કમાણી | ૧૦.૩૮ | ૬.૦૭ | ૯.૧૬ | ૨૩.૬૫ | ૧૫.૧૬ | ૨૩.૨૪ |

**નોંધો :**

૧. ઉપરોક્ત ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિનાના સિક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયાના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સ્ચેંજમાં ફાઈલ કરેલા અનઓડીટેડ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોના વિગતવાર બંધારણનો એક અર્ક છે (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ નિયમો, ૨૦૧૫ સુધારેલા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ માસના માટેના અનઓડીટેડ નાણાકીય પરિણામો (કોન્સોલીડેટેડ અને સ્ટેન્ડલોન)નું સંપૂર્ણ બંધારણ કંપનીની વેબસાઈટ www.upl-ltd.com અને બીએસઈ (www.bseindia.com) અને NSE (www.nseindia.com) પર ઉપલબ્ધ છે.

૨. સ્ટેન્ડલોન નાણાકીય માહિતી નીચે મુજબ છેઃ

(રૂ.કરોડમાં)

| ક્રમ નં. | વિગતો | ત્રિમાસીક અંતે | | | નવ માસના અંતે | | વર્ષના અંતે |
|---|---|---|---|---|---|---|---|
| | | ડીસે-૨૦ (અનઓડિટેડ) | સપ્ટે-૨૦ (અનઓડિટેડ) | ડીસે-૧૯ (અનઓડિટેડ) | ડીસે-૨૦ (અનઓડિટેડ) | ડીસે-૧૯ (અનઓડિટેડ) | માર્ચ-૨૦ (ઓડિટેડ) |
| ૧. | કામગીરીમાંથી કુલ આવક | ૨,૯૨૧ | ૩,૧૬૨ | ૨,૫૦૨ | ૮,૭૩૪ | ૭,૬૧૦ | ૯,૬૪૧ |
| ૨. | કર પહેલાંનો નફો | ૧૭૫ | ૧૭૬ | ૧૮૮ | ૬૧૮ | ૭૩૯ | ૫૩૮ |
| ૩. | કર પછીનો નફો | ૯૯ | ૧૦૪ | ૧૪૫ | ૩૫૨ | ૫૮૭ | ૪૬૧ |

૩. કમિટી દ્વારા ઉપરોક્ત પરિણામોની સમીક્ષા કરવામાં આવી છે અને બોર્ડ ઓફ ડિરેક્ટરને ભલામણ કરવામાં આવી છે અને ત્યારબાદ ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ મળેલી તેની બેઠકમાં નિયામક મંડળ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ પરિણામો કાનૂની ઓડિટર દ્વારા મર્યાદિત સમીક્ષાને આધિન કરવામાં આવ્યા છે.

**યુપીએલ લિમિટેડ** વતી,
**આર. ડી. શ્રોફ**
(DIN:00180810)
**ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર**

**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૧**

# ડોર ટુ ડોર પ્રચાર માટે ચુંટણી પંચે પાંચ વ્યક્તિઓને જ મંજૂરી આપી

### ચૂંટણી પંચે બહાર પાડેલા પરિપત્રને હાઈકોર્ટમાં પડકારાયો

**ગાંધીનગર,**
સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તારીખ જાહેર થઈ ગઈ છે. ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈ કોવિડ માટે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી અયોગે કોવિડ ગાઈડલાઈન જાહેર કરી છે. કોવિડ સંક્રમણ રોકવા અને નિયમોના પાલન માટે રાજ્ય કક્ષાએથી લઈ નગરપાલિકાઓ અને તાલુક કક્ષાએ નોડલ ઓફિસરની નિમણૂંક થશે. જેમાં ચૂંટણીમાં પ્રચારને લઈને વિવિધ નિયમો બનાવવામાં આવ્યા છે.

ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ ચૂંટણીમાં ડોર ટુ ડોર પ્રચાર માટે પાંચ વ્યક્તિઓને જ મંજૂરી આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં સુધી ઉમેદવારોને ઓનલાઈન પ્રચાર કરવા સૂચન અપાયા છે. જો કોઈ કોવિડથી સંક્રમિત ઉમેદવાર હોય તો તેણે ઓનલાઈન પ્રચાર કરવાનો રહેશે. મેળાવડાઓમાં કેન્દ્રના સૂચનોના પાલન માટે જિલ્લા આરોગ્ય અધિકારી, પોલીસ અધિક્ષક અને જિલ્લા ચૂંટણી અધિકારી જવાબદારી સોંપાઈ છે. પ્રચાર દરમિયાન સોશિયલ ડિસ્ટન્સ , માસ્ક અને સેનિટાઈઝેશન જેવી બાબતો પર ભાર મૂકવા સૂચન કરાયું છે ફેબ્રુઆરીમાં ૬ મહાનગરપાલિકા, ૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતોની સામાન્ય તથા ખાલી પડેલી બેઠકોની પેટાચૂંટણી યોજાનાર છે. ત્યારે કોરોના મહામારીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષો અને ઉમેદવારોના ચૂંટણી પ્રચાર પર કોરોના ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. તેમાં ચૂંટણીમાં કાર્યરત રહેનાર દરેક વ્યક્તિએ ફેસ માસ્ક પહેરવાનું રહેશે. સમયાંતરે હાથ સેનેટાઈઝ કરવા પડશે. તે માટે સેનેટાઈઝર, સાબુ અને પાણીની વ્યવસ્થા કરવાની રહેશે. ચૂંટણીમાં કાર્યરત દરેક કર્મચારીનું તાપમાન થર્મલ ગનથી માપવાનું રહેશે. કોવિડ ગાઈડલાઈન મુજબ ઉમેદવાર સહિત વધુમાં વધુ પાંચ વ્યક્તિઓ ડોર ટુ ડોર ઝુંબેશમાં જઈ શકશે રોડ શોમાં દર ૫ વાહન પછી કાફલો છૂટો પાડવાનો રહેશે. બે કાફલા વચ્ચે ૧૦૦ મીટરના અંતરને બદલે અડધો કલાકનો અંતરાલ રાખવાનો રહેશે. જાહેર સભામાં એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ મેદાનો પર અગાઉથી નક્કી કરવાના રહેશે. સભામાં સોશિયલ ડિસ્ટન્સિંગ રાખવું ફરજિયાત રહેશે. ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર શક્ય હોય ત્યાં સુધી ઈલેક્ટ્રોનિક-સોશિયલ માધ્યમથી કરવાનો રહેશે. કોરોના સંક્રમિત ઉમેદવારોએ તેમનો પ્રચાર ઈલેક્ટ્રોનિક માધ્યમો પૂરતો મર્યાદિત રાખવાનો રહેશે. તેમને પ્રચારમાં સામેલ થવા કે પ્રચારના સ્થળે પ્રત્યક્ષ હાજર રહેવાની છૂટ આપવામાં નહિ આવે.

દરમિયાન ચૂંટણી પંચે બહાર પાડેલા પરિપત્રને હાઈકોર્ટમાં પડકારાયો છે. નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીથાય તે જોવાની જવાબદારી તમામની હોવાની રજૂઆત કરાઈ છે. ચૂંટણીપંચના પરિપત્ર પ્રમાણે મુક્ત અને ન્યાયી ચૂંટણી સંભવ નહિ બને તેવી રજૂઆત કરાઈ છે. મહાનગરોની ચૂંટણીના પરિણામ બાદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની મતદાન થાય તો મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા પ્રભાવિત થઈ શકે તેવી અરજદારે રજૂઆત કરી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના મતગણતરીની તારીખ એક જ રાખવી જોઈએ તેવી અરજીમાં રજૂઆત કરાઈ છે. ત્યારે આગામી દિવસોમાં આ અંગે સુનાવણી હાથ ધરાશે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ ટ્વીટ કરીને કહ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને અમે તૈયાર છીએ. વર્ષ ૨૦૧૫માં હાઈકોર્ટના આદેશ બાદ પણ ભાજપના દબાણમાં મતગણતરીની અલગ અલગ તારીખ જાહેર કરાઈ છે.

# વકીલને કાર પાર્કિંગ પેટે ૯૧૦૦૦ ચૂકવવા આદેશ

### વર્કશોપમાં ૯૧૦ દિવસ કાર પડી રહેવા દેતા કોર્ટે ગ્રાહકને પૈસા ન ચૂકવી કાર મૂકી રાખવા બદલ દંડ ફટકાર્યો

**ગાંધીનગર,**
એક મહિલા વકીલને પોતાની કાર ૯૧૦ દિવસ સુધીમાં ના લઈ જવા બદલ દિવસના ૧૦૦ રુપિયા લેખે ૯૧,૦૦૦ રુપિયા ચૂકવવાનો આદેશ ગાંધીનગરની કન્ઝ્યુમર કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. કારના રિપેરિંગ બાબતે માલિક અને વર્કશોપ વચ્ચે ડખો થયા બાદ કાર ૯૧૦ દિવસ સુધી વર્કશોપમાં પડી રહી હતી.

વકીલ સોના સાગરે ૭ જૂન ૨૦૧૮માં હરસોલિયા બ્રદર્સ વર્કશોપમાં પોતાની ટાટા નેનો કાર રિપેરિંગમાં મૂકી હતી અને આ પછી રિપેરિંગની કિંમત બાબતે વાંધો ઉઠતા કાર ત્યાંની ત્યાં જ રાખવામાં આવી હતી. કાર રિપેર થયાના અઠવાડિયા પછી વર્કશોપ દ્વારા સોનાને ફોન કરીને જણાવવામાં આવ્યું હતું કે તમારી કાર રિપેર થઈ ગઈ છે અને તેના માટે તમારે ૯,૯૦૦ રુપિયા ચૂકવવાના છે. આ પછી સોનાએ ફરિયાદ કરી કે તેની કારમાંથી કેટલાક પાર્ટ્સ ગાયબ છે અને એસી તથા મ્યુઝિક સિસ્ટમને નુકસાન થયું છે. આ પછી તેમણે બીલ ના ભર્યું અને પોતાની કાર ત્યાં જ છોડી દીધી.

વર્ષ ૨૦૧૯માં વકીલ સોનાએ પોતાની કાર મામલે જે વાંધો થયો હતો તે અંગે જિલ્લા કન્ઝ્યુમર કોર્ટમાં ફરિયાદ કરી અને પોતાની કાર સંપૂર્ણ રીતે રિપેર કરી પરત આપવામાં આવે. બીજી તરફ વર્કશોપ દ્વારા ફરિયાદમાં જણાવવામાં આવ્યું કે તેમને ૫૮ ઈ-મેઈલ કરવામાં આવ્યા છે અને નોટિસ પણ મોકલવામાં આવી છે કે, તેઓ પોતાની કાર લઈ જાય અને રિપેરિંગનો ખર્ચ ચૂકવી દે. જોકે, તેમણે ૨ વર્ષથી કોઈ જવાબ આપ્યો નથી. બીજી તરફ વર્કશોપે પોતાની ફરિયાદમાં એમ પણ જણાવ્યું કે, સોના સાગરે પોતાની કાર અહીં મૂકી રાખી છે તે માટે તેમણે દિવસના ૧૦૦ રુપિયા લેખે ૯૧૦ દિવસનો પાર્કિંગ ચાર્જ ભરવો પડશે. આ પછી ૨૦૨૦માં વકીલ સોનાએ એક અન્ય ફરિયાદ કરી જેમાં ૬ વખત પોતાની કાર પરત કરવા માટે જણાવ્યું આમ છતાં વર્કશોપ દ્વારા મારી કાર પરત આપવામાં આવી નથી.

એક નવી ફરિયાદની સામે વર્કશોપ દ્વારા જણાવ્યું કે, આ એવો કેસ છે કે જ્યાં મહિલા વકીલ હોવાના કારણે એક પણ રુપિયો ચૂકવ્યા વગર જ પોતાની કાર રિપેર કરાવવા માટે મજબૂર કરી રહ્યા છે. જોકે સામેના પક્ષ દ્વારા આ સહન કરવામાં નથી આવી રહ્યું.

આ સાથે માંગ કરવામાં આવી કે વકીલો માટે એક ઉદાહરણ પૂરું પાડવા માટે વકીલને આ પ્રકારના વ્યવહાર માટે દંડ કરવો જોઈએ.

આ કેસની સુનાવણી કરીને કમિશન કોરમના સભ્ય ડીટી સોની અને જેપી જોશીએ જણાવ્યું કે વકીલે સૌથી પહેલા રિપેરિંગનો ખર્ચ ચુકવવો જોઈતો હતો. તેઓ ખર્ચ નથી ચુકવતા તો ગ્રાહક ના માની શકાય. આગળ એ પણ કહેવામાં આવ્યું કે, કાર બે વર્ષથી પડી રહી છે જેના કારણે તેની કન્ડિશન ખરાબ થઈ ગઈ છે.

# લાંભામાં મારી પસંદગીની જ પેનલ બનશેઃ શહેર કોંગી નેતાનો હુંકાર

### વોર્ડ સંમેલનમાં કાર્યકરો સાથે નેતા બાખડ્યાંઃ પ્રદેશ કક્ષાએ ગંભીર નોંધ લેવામાં આવી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
ચૂંટણી સમયે જ કોંગ્રેસમાં કમઠાણ થવા એ સામાન્ય બાબત બની ગઈ છે. રાજ્યમાં અઢી દાયકા અને અમદાવાદ મનપામાં દોઢ દાયકાથી સત્તાવિહોણા હોવા છતાં કોંગ્રેસના નેતાઓ તેમની ભૂલ સુધારવા કે સ્વીકારવા તૈયાર નથી. અને અંતે કાર્યકરોની મહેનત પર પાણી ફરી વળે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી તારીખ જાહેર થયા બાદ શહેર કોંગ્રેસના એક નેતા આ પરંપરાને આગળ વધારી રહ્યા છે. તથા એક નેતા સત્તાના નશામાં કાર્યકરો સાથે બાખડી પડ્યા હોવાની ચર્ચા કોંગ્રેસ વર્તુળોમાં ચાલી રહી છે.

અમદાવાદ શહેરના નવા સીમાંકનના પગલે મોટાભાગના વોર્ડમાં ભાજપ વધુ મજબુત બન્યું છે. પરંતુ લાંભા વોર્ડમાં કોંગ્રેસની પરિસ્થિતિ સુધરી છે. આ બાબત પ્રદેશ નેતાઓ અને દિલ્હીથી આવતા નેતાઓ પણ જાણી ચૂક્યા છે. તેથી લાંભા વોર્ડમાં સક્ષમ, શિક્ષિત અને યુવા ઉમેદવારોને તક આપવા માટે કેન્દ્રીય અને પ્રદેશ કક્ષાએ નિર્ણય લેવામાં આવ્યો છે. તથા આ અંગે શહેર કક્ષાએ આદેશ પણ કરવામાં આવ્યો છે. પરંતુ શહેર કોંગ્રેસના એક નેતા લાંભા વોર્ડમાં ઉમેદવારોની પસંદગી માટે મનમાની કરી રહ્યા છે તથા હાઈકમાન્ડની સામે થઈ રહ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે. પ્રદેશ કોંગ્રેસ આંતરીક સૂત્રોનું માનીએ તો લાંભા વોર્ડમાં પ્રદેશ કક્ષાએથી આઠ ઉમેદવારોનું લીસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં પાર્ટીને સમર્પિત કાર્યકરો તથા યુવા શિક્ષિત ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ શહેર કોંગ્રેસના એક ઉચ્ચ નેતાએ તેમની અલગ પેનલ બનાવી છે. તથા કેન્દ્રીય અને પ્રદેશ નેતાગીરી સામે બળવો કરવાના હોય તેવી રીતે વર્તન કરી રહ્યા છે. સૂત્રોએ વધુમાં જણાવ્યા મુજબ ગત સપ્તાહ દરમ્યાન લાંભા વોર્ડના કાર્યકરોના એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્ર કક્ષાના બે નેતા અને એક ધારાસભ્ય પણ હાજર રહ્યા હતા. તે સમયે શહેર કોંગ્રેસના આ મહાનુભવો ઉમેદવારોની પસંદગી લઈને સ્થાનિક કાર્યકરો સાથે જાહેરમાં બાખડ્યા હતા તથા લાંભામાં મારી પસંદગીના જ ઉમેદવારોની પેનલ બનશે તથા તેમને જ સન્માન મળશે તેવી ખુલ્લી ચેલેન્જ કાર્યકરોને આપી હતી. સંમેલનમાં હાજર રહેનાર કાર્યકરોનું માનીએ તો શહેરના આ ઉચ્ચ નેતાએ પરોક્ષ રીતે ધારાસભ્ય અને કેન્દ્રીય નેતાઓને ચેલેન્જ આપી હતી. લાંભા વોર્ડમાં પ્રથમ વખત કોંગ્રેસની પેનલ જીતી શકે તેવા એંધાણ જોવા મળી રહ્યા છે. પરંતુ શહેર કોંગ્રેસના આ નેતા જાણે ''ભાજપ'' માટે કામ કરતા હોય તેવી રીતે કોંગી કાર્યકરોના અપમાન કરી રહ્યા છે. જેના કારણે કાર્યકરોમાં પણ નારાજગી જોવા મળી રહી છે.

# ગુજરાતમાં બે દિવસ કાતીલ ઠંડીની આગાહી

**અમદાવાદ,**
ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. આ સીઝનમાં અત્યાર સુધીના સૌથી કોલ્ડેસ્ટ ડેનો સામનો ગુજરાતીઓ કરી રહ્યાં છે. ત્યારે ગુજરાતીઓને હજુ બે દિવસ કાતિલ ઠંડીનો સામનો કરવો પડશે. ગુજરાતમાં હજુ ૨ દિવસ સિવિયર કોલ્ડવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આી છે. રાજકોટ, ભાવનગર અને પોરબંદરમાં કોલ્ડવેવની આગાહી કરાઈ છે. ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીથી લોકો રીતસરના ઠૂઠવાયા છે. રાજ્યનું સૌથી ઠંડુ શહેર કચ્છનું નલિયા રહ્યું છે. રાજ્યના ૯ શહેરોનું તાપમાન ૧૦ ડિગ્રી કરતાં ઓછું નોંધાયું છે. કચ્છના નલિયાનું તાપમાન ૪ ડિગ્રી પર પહોંચી ગયું છે. પાટનગર ગાંધીનગરનું તાપમાન ૮.૨ ડિગ્રી નોંધાયું છે. તો નાગઢના કેશોદનું તાપમાન ૮ ડિગ્રી નોંધાયું છે. ઉત્તર ગુજરાતમાં પણ તાપમાનનો પારો ગગડ્યો છે. બનાસકાંઠાના ડીસાનું તાપમાન ૮.૮ ડિગ્રી નોંધાયું છે. અમદાવાદનું તાપમાન ૯.૯ ડિગ્રી નોંધાયું છે. વલસાડ, વિદ્યાનગરનું તાપમાન ૧૦ ડિગ્રી નોંધાયું છે. ઠંડીનો ચમકારો વધતા લોકો વહેલી સવારથી જ લોકો વોક કરતા અને દોડતા નજરે પડી રહ્યા છે. આજે અમદાવાદનું તાપમાન ૧૦ ડિગ્રીએ પહોંચ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, હજુ ૧ ફેબ્રુઆરી સુધી હાડ થીજવી નાખે તેવી ઠંડીનો અનુભવ થશે.



અમદાવાદનાદાણીલીમડાખોડિયારનગરરોડપરઅમપાદ્વારાચાલતાડ્રેનેજનાકામનેકારણેબીઆરટીએસના રુટ પર સામાન્ય ટ્રાફિક ડાયવર્ટ કરાતા વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે.( તસવીર : જયેશ મોદી )

# ૧૫૧ હોસ્પિ. ને ફાયર સેફ્ટી અંગે ૨૪મી સુધીનું અલ્ટિમેટમ

**અમદાવાદ,**
અમદાવાદમાં ફાયર સેફ્ટી મુદ્દે ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. શહેરના ચીફ ફાયર ઓફિસરે ગુજરાત હાઈકોર્ટમાં ફાયર સેફ્ટી મુદ્દે એક સોગંદનામું રજૂ કર્યું હતું, જેમાં ચોંકાવનારા આંકડાથી ખળભળાટ મચી જવા પામ્યો હતો. ચીફ ફાયર ઓફિસરે સોગંદનામામાં આપેલી માહિતી પ્રમાણે, શહેરની ૨૨૦૦ પૈકી ૭૦૦ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી એનઓસી નહીં હોવાનો ખુલાસો થયો હતો, આ સિવાય ૨૩૮૫ પૈકી ૧૮૫ ટ્યૂશન ક્લાસમાં ફાયર એનઓસી નથી. શહેરની ૧૨૦૦ હોટલ રેસ્ટોરન્ટ પૈકી ૪૫૦માં ફાયર એનઓસી નથી. શહેરના ઘણા એવા હાઈરાઈઝ બિલ્ડીંગમાં એનઓસી ન હોવાનો ખુલાસો પણ થયો હતો. અમદાવાદમાં ૬૦ મોલ પાસે ફાયર સેફ્ટીનો અભાવ હોવાની હકીકત પણ સામે આવી હતી.

જોકે આજે ગુજરાત હાઈકોર્ટે ફાયર સેફ્ટી મુદ્દે એએમસીની ઢીલી કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા અને ગુજરાત હાઈકોર્ટે એએમસીને ફટકાર પણ લગાવી હતી. આ દરમિયાન હાઈકોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો કે, અમદાવાદમાં ૧૫૧ હોસ્પિટલમાં ફાયર સેફ્ટી જ નથી. જેને લઈ હાઈકોર્ટે અમદાવાદ કોર્પોરેશનને આદેશ આપ્યો છે કે, આ ૧૫૧ હોસ્પિટલ વિરૂદ્ધ તાત્કાલિક નોટિસ ઈશ્યુ કરો. અને આ તમામ હોસ્પિટલોમાં જો ફાયર સેફ્ટી ના હોય તો દર્દી દાખલ નહીં કરી શકે. ત્યાં જ હોઈકોર્ટે તમામ હોસ્પિટલોને ફાયર સેફ્ટી મામલે ૨૪ ફેબ્રુઆરી સુધીનું અલ્ટીમેટમ પણ આપ્યું છે. જો આ ૧૫૧ હોસ્પિટલોમાં ૨૪ ફેબ્રુઆરી સુધીમાં ફાયર સેફ્ટીનો અમલ કરવામાં ના આવે તો તાત્કાલિક ધોરણે તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરવાનો હાઈકોર્ટે આદેશે આપ્યો છે.

જણાવી દઈએ કે, ઓગસ્ટ ૨૦૨૦માં અમદાવાદની શ્રેયમાં આગ લાગી હતી. જેમા ૮ દર્દીના મોત નિપજ્યા હતા. આ હોસ્પિટલમાં ફાયરસેફ્ટીનું એનઓસી એપ્રિલ મહિનામાં પૂર્ણ થઈ ગયું હતું, અને આગ લાગી એ વખતે હોસ્પિટલમાં વેલીડ ફાયરસેફ્ટી એન.ઓ.સી નહોતી તે વાતનો ઘટસ્ફોટ કોર્ટમાં ચીફ ફાયર ઓફિસરે કર્યો હતો.

# આઠમા દિવસે ૮૪૯ કોરોના વર્કર્સે કોરોના વેક્સિન લીધી

**અમદાવાદ,**
કોરોના રસીકરણના આઠમા દિવસે અમદાવાદ સિવિલ હોસ્પિટલના હેલ્થકેર વર્કરોમાં રસીકરણ માટે ઉત્સાહ જોવા મળ્યો હતો. સિવિલ હોસ્પિટલના રસીકરણ કેન્દ્રમાં નવા ઉભા કરાયેલા ૩ રસીકરણ કેન્દ્ર અને અગાઉથી રસીકરણ માટે કાર્યરત ૨ એમ કુલ ૫ રસીકરણ કેન્દ્રો ઉપર હેલ્થ વર્કરનો ઉત્સાહ જોવા મળ્યો હતો. આજે કુલ ૮૪૯ હેલ્થકેર વર્કરોએ કોરોના રસીકરણ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી ૮૦૭ હેલ્થ કેર વર્કરો કોરોના રસીકરણ માટેના પરિણામોમાં લાયક ઠરતા તેઓને કોરોના રસીકરણનો ડોઝ આપી કોરોના સામેના અભેદ કવચથી સુરક્ષિત કરવામા આવ્યા હતા. સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગના તબીબો, પેરામેડિકલ, નર્સિંગ સ્ટાફ, સીક્યુરીટી કર્મીઓએ એક સાથે રસી મેળવીને કોરોના મહારસીકરણ અભિયાનમાં પોતાનો અતૂટ ભરોસો પ્રતિબિંબિત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ અગાઉ કુલ ૧૪૦૩ હેલ્થકેર વર્કરોએ ૭ દિવસના રસીકરણ અભિયાનમાં જોડાઈને કોરોના રસી લીધી હતી. હવે ૮ દિવસના રસીકરણ બાદ સિવિલ હોસ્પિટલમાં રસી લેનાર હેલ્થકેર વર્કરોની સંખ્યા ૨૨૧૦ થઈ છે. આજે રજીસ્ટર થયેલ ૮૪૯ હેલ્થકેર વર્કરોમાંથી ૮૦૭ હેલ્થકેર વર્કરોએ કોરોના વેક્સિનનો ડોઝ લીધો હતો.

# ભાજપમાં સીનીયરો માટે રોટેશન પદ્ધતિનો અમલ થાય તેવી શક્યતા

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી જાહેર થતા જ ભાજપ અને કોંગ્રેસના કાર્યાલયો પર નેતાઓ અને કાર્યકરોના મેળાવડા શરૂ થઈ ગયા છે. તેમજ ટિકિટ વાંચ્છુકોની લાંબી કતાર લાગી રહી છે. સત્તાધારી પાર્ટી ભાજપમાં વોર્ડ દીઠ ૧૦૦ જેટલા બાયોડેટા આવ્યા હોવાની પણ ચર્ચા ચાલી રહી છે. સતત પાંચ-છ ટર્મ સુધી કોર્પોરેટરપદે રહ્યા બાદ પણ કેટલાક લોકોને સત્તાનો મોહ છુટતો નથી. પરંતુ અમદાવાદના બે પૂર્વ મેયરોએ ચૂંટણી ન લડવા જાહેરાત કરી છે. નવા ચહેરાઓને તક મળે તે હેતુથી ભાજપના બે પૂર્વ મેયર ઉમેદવારીની હોડમાંથી ખસી ગયા છે. જ્યારે અન્ય બે પૂર્વ મેયરોને પાર્ટી દ્વારા ખસેડવામાં આવે તેવી શક્યતા જોવા મળી રહી છે. સીનીયર કોર્પોરેટરોને હોદ્દો ન મળતા તેઓ બેબાકળા બની જાય છે. જેની અસર નવા કોર્પોરેટરોના પરફોર્મન્સ પર થતી હોવાની નોંધ પ્રદેશ ભાજપ દ્વારા લેવામાં આવી છે. તેથી સીનીયરોમાં ''રોટેશન'' પદ્ધતિનો અમલ થશે તેવી વાતો પણ વહેતી થઈ છે.

અમદાવાદ શહેરના પૂર્વ મેયર અને નારણપુરાના કોર્પોરેટર ગૌતમભાઈ શાહે મ્યુનિ.ચૂંટણી ન લડવા માટે જાહેરાત કરીને સહુને ચોંકાવ્યા છે. ગૌતમભાઈ શાહના જણાવ્યા મુજબ તેઓ ચાર ટર્મ સુધી કોર્પોરેટરપદે રહ્યા છે. તથા પાર્ટીએ ''મેયર''નો સ-માન્ય હોદ્દો પણ આપ્યો છે. તેથી હવે નવા ચહેરાને તક મળે તે આશયથી તેઓ કોર્પોરેટરપદની દાવેદારીથી દૂર રહ્યા છે. પાર્ટી દ્વારા તેમને જે સન્માન મળ્યું છે તે પરત આપવાનો સમય આવી ગયો છે. તેથી તેઓ પાર્ટી દ્વારા જે પણ જવાબદારી સોંપવામાં આવશે તે નિભાવશે. જોધપુર વોર્ડના કોર્પોરેટર અને પૂર્વ મેયર મીનાક્ષીબેન પટેલે પણ આ કારણોસર જ ચૂંટણી ન લડવા માટે નિર્ણય કર્યા છે. તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

### મ્યુનિસિપલ ચૂંટણી-૨૦૨૧



ભારતીય જનતા પાર્ટીમાં થતી ચર્ચા મુજબ પાંચ-છ ટર્મ પૂર્ણ થઈ હોય તેમની ટિકિટ કપાઈ શકે છે. પરંતુ તેના કારણે મનપામાં ''અનુભવ''નો જે અવકાશ ઉત્પન્ન થશે તેને ''અનુભવ''થી જ ભરવામાં આવશે. મતલબ કે, ૨૦૧૦ અને ૨૦૧૫માં જે સીનીયરોની ટિકિટ કાપવામાં આવી હતી તે પૈકી કેટલાકને ફરીથી તક મળશે જેની સામે હોદ્દેદારો તથા અન્ય ચાર-પાંચ સીનીયરોની બાદબાકી થઈ શકે છે. પાર્ટી સીનીયરો માટે ''રોટેશન'' પદ્ધતિ અપનાવી શકે છે. ૨૦૨૦માં પૂર્વ કોર્પોરેટર મહાદેવ દેસાઈ તથા બાબુભાઈ ઝડફીયાને મજબૂત દાવેદાર માનવામાં આવી રહ્યા છે. મ્યુનિ. કોર્પોરેશનમાંથી સીનીયરોની બાદબાકી કરવા માટે ખાસ તર્ક આપવામાં આવી રહ્યો છે. જે સીનીયરો ઉચ્ચ હોદ્દા પર રહી ચૂક્યા છે તેમને કોઈ પદ આપવામાં ન આવે ત્યારે મ્યુનિ.ભવનના ભાજપ કાર્યાલયમાં ''ખાણ-ખોદ'' કમીટીની આપમેળે રચના થઈ જાય છે તથા નવા હોદ્દેદારો દ્વારા લેવામાં આવતા નિર્ણયોની ટીકા કરવી તેમજ આંતરીક બાબતો લીક કરવી જેવા એજન્ડા પર કામ કરવામાં આવે છે. જેના કારણે, મ્યુનિ.કોર્પોરેશનમાં બે-ત્રણ જૂથ થઈ જાય છે. તેની સીધી અસર ''પર્ફોર્મન્સ'' પર થાય છે. તેથી મ્યુનિ.કોર્પોરેશનમાં કોઈ કોર્પોરેટરો કે ઉચ્ચ નેતાના એકતરફી ચાલી રહેલા શાસન બંધ થાય તે દિશામાં ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેમજ અગત્યના કામોની ફાઈલો પર કોઈના ઘરે ચર્ચા કરવાના બદલે પાર્ટી કાર્યાલય પર ચર્ચા થાય અને નિર્ણય લેવામાં આવે તે દિશામાં પણ કામ કરવામાં આવશે તેમ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું.

**બે પૂર્વ મેયર ચૂંટણી નહિં લડે અન્ય બે માટે પક્ષ નિર્ણય કરશે**


જુનુ અને જાણીતુ સહુ નું માનીતું પાઝાર

આખા - શો-રૂમમાંથી આપને મનગમતા દરેક પ્રકારનાં શુઝ

₹ 499/-

(વોરંટી સાથે)

દરેક પ્રકારનાં શુઝ

સ્પોર્ટસ શુઝ | પાર્ટી શુઝ | લોફર શુઝ

તદ્દન નવો સ્ટોક, નવી વેરાઇટીઝ સાથે

પાઝાર શુઝ

દરેક પ્રકારના શુઝ મા મોટી સાઇઝ (૧૦-૧૧-૧૨-૧૩) નંબર મળશે.
ઘરે જઇને પણ પસંદ ના પડે તો તરત જ ખુશીથી પૂરેપૂરા પૈસા પાછા.

રીગલ સીનેમા બિલ્ડીંગ, પીર મોહંમદ શાહ રોડ, બુટ ગલી, ઘીકાંટા, અમદાવાદ-૧, ફોન: ૦૭૯-૨૫૩૨૧૦૩૨


## ગુજરાત ન્યુઝ અપડેટ

# સુરતમાં ૧૩ વર્ષના બાળકે તેના મિત્રની હત્યા કરી નાખી

**સુરત,**
સુરતમાં ગુનાખોરી વધી રહી છે. હત્યા, આતંક, મારામારીની સાથે સુરતીઓની સવાર પડે છે, અને રાત વીતે છે. આવામાં હવે બાળકો સુધી ક્રાઈમ પહોંચી ગયો છે. સુરતમાં હત્યાનો વિચિત્ર બનાવ સામે આવ્યો છે. જેમાં એક ૧૨ વર્ષના બાળકને તેના જ ૧૩ વર્ષના બાળ મિત્રએ હત્યા કરી છે. નાનાભાઈને અપશબ્દ બોલતા બાળકે તેના મિત્રને લાકડાના બે ફટકા માથામાં માર્યા હતા. જેથી બાળકનું મોત નિપજ્યું છે. પાંડેસરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના ભેસ્તાન સરસ્વતી આવાસમાં રહેતા શ્રીલાલ યાદવ મૂળ અલાહાબાદનો વતની છે. તેમના દીકરો અંશુ ગુરુવારે સવારે રમવા ગયો હતો, પરંતુ બાદમાં પાછો આવ્યો ન હતો. પરિવારજનોએ ભારે શોધખોળ કરતા ઘરેથી થોડે દૂર ઝાડીમાં તેની લાશ મળી હતી. ત્યારે પોલીસે આ અંગે તપાસ હાથ ધરી હતી. તપાસમાં પોલીસને જે જાણવા મળ્યું તે સાંભળીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસ તપાસમાં ખૂલ્યું કે, અંશુની હત્યા તેના જ ૧૩ વર્ષના એક મિત્ર જૈનિલે (નામ બદલ્યું છે) કરી હતી.

# ભાઈએ બહેનને મારી નાખી, પોતે પણ આપઘાત કરી લીધો

**જામનગર,**
જામનગરમાં ભાઈ અને બહેનની લાશ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. મળતી માહિતી પ્રમાણે પહેલા ભાઈએ બહેનને ગળે ટૂંપો આપીને મારી નાખી હતી અને બાદમાં પોતે પણ આપઘાત કરી લીધી હતી. પોલીસને ભાઈ પાસેથી એક સુસાઈડ નોટ પણ મળી છે, જેમાં લખ્યું છે કે, 'મારી બહેન લક્ષ્મી જેવી પવિત્ર હતી, એમને કોણ સાચવશે જેથી એમને પણ સાથે લઈ જઉં છું.' સમગ્ર ઘટના અંગે પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મીડિયા રિપોર્ટ મુજબ જામનગરના રામેશ્વરનગરમાં અપરિણિત વૃદ્ધ ભાઈ-બહેન રહેતા હતા, ૧૭ કલાકના અંતરમાં બંનેના મૃતદેહ મળી આવતા ભારે ખળભળાટ મચ્યો હતો. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસને પહેલા તો આપઘાતનો બનાવ લાગ્યો પરંતુ ભાઈ પાસેથી મળેલી સુસાઈડ નોટ અને પોસ્ટમોર્ટમ થતાં મોટો ઘટસ્ફોટ થયો હતો. જેમાં જાણવા મળ્યું કે, પહેલા ભાઈએ તેની બહેનને ટૂંપો દઈને મારી નાખી હતી, અને બાદમાં પોતે પણ આપઘાત કરી લીધો હતો.


# સ્પેશિયલ ટ્રેનોની ૧૧ જોડીનો વિસ્તાર



**વેસ્ટર્ન રેલ્વેએ નીચે મુજબની ૧૧ જોડીની ખાસ ટ્રેનોને લંબાવાનો નિર્ણય લીધો છે, જેમાં ૫ જોડી વેસ્ટર્ન રેલ્વે ઉપરથી શરૂ/સમાપ્ત થશે અને ૬ જોડી પશ્ચિમ રેલ્વેથી પસાર થશે. વિગતો નીચે આપેલ છે**

| ટ્રેન નં. | ક્યાથી ઉપડશે અને ક્યા પહોંચશે | તારીખ લંબાવાઇ |
|---|---|---|
| ૦૨૯૨૧ | મુંબઇ સેન્ટ્રલ - સુરત (ફ્લાઇંગ રાણી સુપરફાસ્ટ દૈનિક સ્પેશિયલ) | ૩૧.૦૩.૨૧ સુધી |
| ૦૨૯૨૨ | સુરત - મુંબઇ સેન્ટ્રલ (ફ્લાઇંગ રાણી સુપરફાસ્ટ દૈનિક સ્પેશિયલ) | ૩૧.૦૩.૨૧ સુધી |
| ૦૨૯૭૯ | બાંદ્રા ટર્મિનસ - જયપુર (સુપરફાસ્ટ ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૨.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૨૯૮૦ | જયપુર - બાંદ્રા ટર્મિનસ (સુપરફાસ્ટ ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૧.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૫૨૭૦ | અમદાવાદ - મુઝફ્ફરપુર (સાપ્તાહિક સ્પેશિયલ) | ૨૭.૦૩.૨૧ સુધી |
| ૦૫૨૬૯ | મુઝફ્ફરપુર - અમદાવાદ (સાપ્તાહિક સ્પેશિયલ) | ૨૫.૦૩.૨૧ સુધી |
| ૦૫૫૬૦ | અમદાવાદ - દરભંગા (સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૨.૦૪.૨૧ સુધી |
| ૦૫૫૫૯ | દરભંગા - અમદાવાદ (સાપ્તાહિક સ્પેશિયલ) | ૩૧.૦૩.૨૧ સુધી |
| ૦૫૫૬૪ | ઉધના - જયનગર (સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૨૮.૦૩.૨૧ સુધી |
| ૦૫૫૬૩ | જયનગર - ઉધના (સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૨૫.૦૩.૨૧ સુધી |

**ટ્રેન નંબર : ૦૨૯૨૧/૦૨૯૨૨ અને ૦૨૯૭૯નું બુકીંગ ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧થી.**
**ટ્રેન નંબર : ૦૫૨૭૦/૦૫૫૬૦ અને ૦૫૫૬૪નું બુકીંગ ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૧થી નામાંકિત પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત બધી ટ્રેન સંપૂર્ણ રીતે આરક્ષિત ટ્રેનોના રૂપમાં ચાલશે.**

**પશ્ચિમ રેલ્વેમાંથી પસાર થતી ટ્રેનો**

| | | |
|---|---|---|
| ૦૯૬૦૭ | કોલકાતા - મદાર જં (સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૪.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૯૬૦૮ | મદાર જં - કલકત્તા (સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૧.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૨૪૭૫ | હિસ્સાર - કોઇમ્બતુર (એસી સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૩.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૨૪૭૬ | કોઇમ્બતુર - હિસ્સાર (એસી સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૬.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૯૭૧૩ | જયપુર - સિકંદરાબાદ (સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૬.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૯૭૧૪ | સિકંદરાબાદ - જયપુર (સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૮.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૨૯૭૭ | એર્નાકુલમ - અજમેર (સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૭.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૨૯૭૮ | અજમેર - એર્નાકુલમ (સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૫.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૨૯૬૯ | કોઇમ્બતુર - જયપુર (સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૫.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૨૯૭૦ | જયપુર - કોઇમ્બતુર (સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૨.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૨૯૬૭ | ચેન્નઇ સેન્ટ્રલ - જયપુર (સુપરફાસ્ટ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૭.૦૨.૨૧ આગામી સુચના સુધી |
| ૦૨૯૬૮ | જયપુર - ચેન્નઇ સેન્ટ્રલ (સુપરફાસ્ટ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૫.૦૨.૨૧ આગામી સુચના સુધી |

**ટ્રેન સંબંધિત વિગતવાર સમય માટે કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો**

- કન્ફર્મ ટિકિટ હોય તે જ મુસાફરો આ ખાસ ટ્રેનોમાં પ્રવાસ કરી શકશે.
- મુસાફરોને બોર્ડિંગ દરમિયાન, મુસાફરી દરમિયાન અને મુકામ પર કોવિડ-૧૯થી સંબંધિત તમામ ધોરણો અને એસઓપીએસનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે.

પશ્ચિમ રેલ્વે
www.wr.indianrailways.gov.in
અમને પસંદ કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : twitter.com/WesternRly

**બધી આરક્ષિત ટિકિટો માટે ઓળખપત્ર સાથે રાખો.**